# SHAH METACORP LIMITED
(Formerly known as Gyscoal Alloys Limited)

**Corporate Office:**
2nd Floor, Mrudul Tower ,
B/h-Times of India, Ashram Road,
Ahmedabad GJ 380009 IN
Tel.:+91-79-66614508 E-mail:cs@gyscoal.com
Web.:www.gyscoal.com
CIN:L27209GJ1999PLC036656

**Regd. Office & Factory:**
Plot No. 2/3 GIDC Ubkhal, Kukarwada, Tal.
Vijapur, Dist. Mehsana,
Kukarwada GJ 382830 IN
E-mail: info@gyscoal.com

**October 16, 2023**

| | |
|---|---|
| To,<br>**Bombay Stock Exchange Limited**<br>1st Floor, New Trading Ring,<br>Rotunda Building, P. J. Tower,<br>Dalal Street,<br>Mumbai – 400 001.<br><br>**Scrip Code: 533275** | To,<br>**National Stock Exchange of India Ltd.,**<br>Exchange Plaza, C-1, Block G,<br>BandraKurla Complex,<br>Bandra (E),<br>Mumbai – 400 051<br><br>Company Symbol**: SHAH** |

**SUB. : <u>Submission of copy of Advertisement for Financial Results for the quarter and half year ended September 30, 2023.</u>**

With reference to above, we are enclosing copy of Advertisement for Financial Results published in Financial Express (English) and Jai Hind (Gujarati), Ahmedabad on October 15, 2023 for the quarter and half year ended September 30, 2023 of Shah Metacorp Limited pursuant to relevant Regulation of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 for your information and record.

This is for your kind perusal and record. Kindly acknowledge the receipt of above.

Thanking you.

Yours faithfully,

**For Shah Metacorp Limited**
**(Formerly known as Gyscoal Alloys Limited),**

MONA VIRAL SHAH
Digitally signed by MONA VIRAL SHAH
Date: 2023.10.16 17:46:48 +05'30'

**Mona Shah**
**Director**
**(DIN: 02343194)**
**Encl: As above**






ભારત અને પાકિસ્તાન વચ્ચેનો નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ખેલાયેલા જંગને નિહાળવા ક્રિકેટ પ્રેમીઓ ઉમટી પડ્યા હતા. વિવિધ વેશભૂષા, પાઘડી સાથે મેચ નિહાળતા પ્રેક્ષકો જોવા મળ્યા હતા. ભારતના રાષ્ટ્રધ્વજ સાથે શરીર ઉપર તિરંગો ચિતરાવનાર યુવાન આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.



યુધ્ધ ગ્રસ્ત ઈઝરાયેલમાં ફસાયેલા ભારતીય નાગરિકોને વતન પરત લાવવા કેન્દ્ર સરકારે હાથ ધરેલા ઓપરેશન અજય હેઠળ શનિવારે ઈઝરાયેલથી ખાસ વિમાનમાં વધુ ર૩પ ભારતીયોને લઈને નવી દિલ્હી ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આવી પહોંચતા ભારતીય નાગરિકો એરપોર્ટમાંથી બહાર આવી રહ્યા છે.

### વિમાન ૧૧ વાગે ઈઝરાયેલથી રવાના થયું હતું

# ઈઝરાયલથી બીજી ફલાઈટમાં ર૩પ ભારતીય નાગરિકો પરત ફર્યા

નવી દિલ્હી, તા.૧૪

ઓપરેશન અજય અંતર્ગત ઈઝરાયલથી બીજી ફલાઈટ આવી પહોંચી છે. જેમાં ર૩પ ભારતીયો સ્વદેશ પરત ફર્યા છે. જેમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. તેમને આવકારવા વિદેશ રાજ્યમંત્રી એરપોર્ટ પર હાજર રહ્યા હતા. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા એક સપ્તાહથી યુદ્ધ ચાલી રહ્યું છે, જેમાં અત્યાર સુધીમાં લગભગ ૩૦૦૦ લોકોના મોત થયા છે. એક દિવસ પહેલા, ૨૧૨ ભારતીયોની પ્રથમ બેચ નવી દિલ્હી પહોંચી હતી. ભારતીય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય મુસાફરોને લઈ જતી ફલાઈટ શુક્રવારે રાત્રે ૧૧.૦ર કલાકે તેલ અવીવથી ઉડાન ભરી હતી. ભારતીય દૂતાવાસે કહ્યું કે દૂતાવાસે ત્રીજા બેચમાં સામેલ લોકોને ઈમેલ દ્વારા જાણ કરી છે. લોકોને અનુગામી ફલાઈટ્સ માટે ફરીથી મેસેજ કરવામાં આવશે. ઈઝરાયેલના સફેદમાં ઈલાન યુનિવર્સિટીમાંથી પીએચડી કરી રહેલા ભારતીય વિદ્યાર્થી સૂર્યકાંત તિવારીએ

**ઈઝરાયલ અને હમાસ વચ્ચે શરૂ થયેલા યુદ્ધમાંથી ભારતીયોને હેમખેમ સ્વદેશ લાવવા માટે સરકારે ઓપરેશન અજય શરૂ કર્યુ છે**

ઈઝરાયેલથી ઉડાન ભરતા પહેલા કહ્યું હતું કે ઈઝરાયેલમાં ભયનું વાતાવરણ છે. અહીં સ્થિતિ ખૂબ જ ખરાબ છે. અમને ઈઝરાયેલમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે હું ભારત સરકારનો આભાર માનું છું. હમાસના આતંકવાદીઓ નવા નવા ઈનોવેશન માટે હથિયારો બનતા રહે છે. ઈઝરાયેલી ડ્રોનની નકલ કરવા માટે તેઓએ સ્થાનિક ડ્રોન પણ બનાવી નાખ્યું. ૭ સપ્ટેમ્બર-૨૦૨૩ના રોજ તે ડ્રોનથી જ ગ્રેનેડ ફેંકવામાં આવ્યા. ઉપરાંત ૨૦ મિનિટની અંદર ૫૦૦૦ રોકેટ પણ છોડ્યા. ગાઝાની પાઈપલાઈનની વાત કરીએ તો અહીં ૪૮ કિલોમીટર લાંબી પાઈપલાઈન નાખવામાં આવી છે.

એવું કહેવાય છે કે, ઈરાન સીરિયા, અને સુદાન હમાસને રોકેટની સપ્લાય કરે છે, જોકે આ ત્રણે દેશોની વાત ન માનીએ તો, હવે હમાસ પોતાના રોકેટ બનાવવા લાગ્યું છે. આ રોકેટો હાઈ-ફાઈ હોતા નથી, પણ નુકસાન જરૂર કરે છે.

હમાસે ૨૦૧૪માં ઈઝરાયેલ તરફ ૪૫૦૦ રોકેટ છોડ્યા હતા. ત્યારબાદ ૨૦૧૯માં ૪૦૦થી વધુ રોકેટ છોડી ઈઝરાયેલના મોટા મોટા શહેરોને નિશાન બનાવ્યું. ત્યારબાદ ૨૦૨૧માં ૪૦૦૦ રોકેટ છોડ્યા હતા.

### પાકિસ્તાનમાં દાઉદના ભાઈની સાથે 'ખેલોયાર' સટ્ટાબાજી એપ પણ ચલાવતો હતો

# મહાદેવ એપ.ના પ્રમોટર સૌરભ ચંદ્રાકરનું દાઉદ સાથેનું અંડરવર્લ્ડ કનેકશન પણ ખુલ્યું

નવી દિલ્હી તા.૧૪

બોલીવુડના અનેક સિતારાઓ માટે મુસીબત બનનાર મહાદેવ સટ્ટાબાજી એપ ના માસ્ટર માઈન્ડ સૌરભ ચંદ્રાકરનું અંડર વર્લ્ડ કનેકશન પણ બહાર આવ્યું છે અને તે ડોન દાઉદ ઈબ્રાહીમના ભાઈ મુસ્તકીમ ઈબ્રાહીમની સાથે રહીને પાકિસ્તાનમાં એક સટ્ટાબાજીનો એપ શરુ કરવાની તૈયારીમાં હતા. સૌરભ ચંદ્રાકરની જાળમાં રણબીરકપુર સહિતના બોલીવુડના અનેક સિતારાઓ ફસાયા છે અને એક બાદ એકને હાલ એન્ફોર્સમેન્ટ વિભાગનું સમન્સ પાઠવવામાં આવી રહ્યું છે તે સમયે ઈડીએ કરેલી તપાસમાં જાહેર થયું છે કે ચંદ્રાકર એ દાઉદ ગેંગનો સંપર્ક કર્યો હતો અને પાકિસ્તાનમાં ક્રિકેટ સહિતની સટ્ટાબાજીમાં દાઉદને ભાગીદાર બનાવવાની ઓફર કરી હતી. દાઉદના ભાઈ ઈબ્રાહીમ કાસ્કર દ્વારા 'ખેલો યોર' નામનું એપ હાલ ચલાવવામાં આવે છે અને તેને આ એપને પ્રમોટ કરવા ચંદ્રાકરે સહાય કરી હતી અને પાકિસ્તાનમાં અનેક નવી ઓનલાઈન ગેમ પણ લોન્ચ કરવાની તૈયારીમાં હતો તે પુર્વે જ તેનો ભાંડો ફુટી જતા હવે દાઉદ સાથેનું કનેકશન પણ તપાસ હેઠળ છે.

**ઈડીની તપાસ વધુ વિસ્તરીઃ એનઆઈએ પણ ઝંપલાવે તેવી ધારણાઃ બોલીવુડના અનેક સિતારાઓની મુશ્કેલી પણ વધી શકે છે**

કાસ્કર ખુબજ વૈભવી રીતે રહેતો હતો તે ૨૦થી૩૦ બાઉન્સર રાખતો અને તે જયાં જાય ત્યાં છ થી દશ બાઉન્સર તેની આસપાસ હોય તેની ચિંતા કરતો હતો જેના કારણે તે કોઈ મોટી હસ્તી હોય તેવો દેખાવ કરતો હતો. ઉપરાંત ચાર થી પાંચ લકઝરી કારનો કાફલો તેની સાથે જ દોડતો હતો અને તેના કારણે તે મોટો વીઆઈપી હોય તે પણ દર્શાતુ હતું.

# લેપટોપ-કોમ્પ્યુટરની આયાત પર પ્રતિબંધ નથી

નવી દિલ્હી તા.૧૪

કેન્દ્ર સરકારે વધુ એક વખત એવી ચોખવટ કરી છે કે કોમ્પ્યુટર કે લેપટોપની આયાત પર કોઈ પ્રતિબંધ નથી. માત્ર આયાતી કન્સાઈનમેન્ટ પર વોચ રાખવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારે ગત ઓગસ્ટ મહિનામાં લેપટોપ સહિતની ચીજોની આયાતને લાયસન્સ વ્યવસ્થા હેઠળ મુકવાનો નિર્ણય લીધો હતો. અણધાર્યા અને રાતોરાતનાં આ નિર્ણયથી જબરો ઉહાપોહ થયો હતો જે પછી સરકાર દ્વારા છુટછાટ જાહેર કરી દેવામાં આવી હતી. કેન્દ્રીય વાણીજય સચીવ સુનિલ બર્થવાલે જણાવ્યું હતું કે લેપટોપ કે કોમ્પ્યુટરની આયાત પર કોઈ પ્રતિબંધ નથી અને માત્ર વોચ રાખવામાં આવી રહી છે. ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ સંતોષકુમાર સારંગીએ કહ્યું કે ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સીસ્ટલ ૧લી નવેમ્બરથી આવી રહી છે ૩૦ ઓકટોબર સુધીમાં સીસ્ટમ ફાઈનલ થઈ જશે.

# કરદાતાઓને રાહતઃ હવે ટીડીએસમાં ભુલ-રીફંડ દાવા માટે ફોર્મ-૭૧ ની સુવિધા

નવી દિલ્હી તા.૧૪

ટીડીએસના રીફંડ મામલામાં કરદાતાઓને અનેકવિધ મુશ્કેલીનો હલ લાદી દેવામાં આવ્યો છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડે ટીડીએસમાં ભૂલચુક સુધારવા માટેની સવલત જાહેર કરીને કરદાતાઓને મહત્વની રાહત આપી છે.

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ દ્વારા નવુ આવકવેરા ફોર્મ જારી કરવામાં આવ્યું છે. જેને ફોર્મ ૭૧ નામ આપવામાં આવ્યું છે.આ ફોર્મનાં આધારે ટીડીએસ મુશ્કેલી ઉકેલવામાં સરળતા રહેશે.બેંક કે અન્ય કોઈ નાણાં સંસ્થાએ જુના વર્ષમાં ટીડીએસની કપાત કરી હશે તો કરદાતા ફોર્મ ૭૧ ભરીને તેમાં સુધારા વધારા કરી શકશે.

આ ફોર્મ મારફત સીધા આવકવેરા વિભાગ મારફત જ ટીડીએસની ભૂલ સુધારીને રીફંડનો દાવો કરી શકશે.

# વિદેશોમાં પણ ધર્મસ્થાનો સુરક્ષીત નથી : કેનેડાના ૩ હિન્દુ મંદિરોમાંથી લાખોની ચોરી

કેનેડાના ઓન્ટારિયો પ્રદેશના ડરહામ વિસ્તારમાં પોલીસ ત્રણ હિન્દુ મંદિરોમાં ચોરી કરનાર અને દાન પેટીઓની ચોરી કરનાર શંકાસ્પદને શોધી રહી છે. ડરહામ પોલીસ વિભાગે બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પુરૂષ આરોપીએ રવિવારે પીકરિંગમાં બેઈલી સ્ટ્રીટ અને ક્રોર્નો બુલેવાર્ડ વિસ્તારમાં મંદિરમાં ઘુસી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, તે વાદળી સર્જિકલ માસ્ક, ચુસ્ત-ઝિપ હૂડ સાથેનું કાળું પફી જેકેટ, લીલું 'કેમો' કાર્ગો પેન્ટ અને લીલા રનિંગ શૂઝ પહેરેલો જોવા મળ્યો હતો.

મંદિરમાં ઘુસીને દાનપેટીઓમાંથી રોકડની ચોરી કરી હતી.પોલીસે વધુમાં જણાવ્યું હતું કે ત્યાં લગાવેલા સીસીટીવી ફૂટેજમાં જોવા મળે છે કે આરોપીઓ રવિવારે રાત્રે લગભગ ૧૨.૪૫ વાગ્યે મંદિરમાં ઘૂસ્યા હતા અને દાનપેટીઓમાંથી રોકડની ચોરી કરી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, જ્યારે ટીમ ઘટનાસ્થળે પહોંચી, પરંતુ આરોપી પહેલા જ નાસી ગયો હતો.

આ ચોરીને અંજામ આપ્યા બાદ, સવારે લગભગ ૧:૩૦ વાગ્યે, પશ્ચિમ વિભાગના સભ્યોએ પોલીસને એક વ્યકિત વિશે પોલીસને જાણ કરી જે પીકરિંગના બ્રોક રોડ અને ડર્સન સ્ટ્રીટ વિસ્તારમાં મંદિરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મંદિર સાથે જોડાયેલા એક વ્યકિતએ પોલીસને જણાવ્યું કે આરોપીઓએ બારી તોડીને દાન પેટી ચોરી કરવાનો પ્રયાસ કર્યો. જોકે, તે દાનપેટીની ચોરી કરી શક્યો નહોતો. ત્રીજું મંદિર પણ તોડ્યું હતું.


## એક્સિસ બેંક લિમિટેડ

**પ્લેજ અસ્ક્યામતો તરીકે સોનાના દાગીનાના લિલામ - માટે જાહેર નોટિસ**

દેણદારોને વિશેષ રૂપે અને જાહેર જનતાને આથી જણાવવામાં આવે છે કે નીચેના ખાતાઓમાં પ્લેજ કરેલ સોનાના દાગીનાઓનું જાહેર લિલામ એક્સિસ બેંક દ્વારા નીચે જણાવેલ શાખામાં કરવાનો પ્રસ્તાવ છે.

નીચે ઉલ્લેખ કરેલ દેણદારોએ બેંકની તરફેણમાં સિક્યોરિટી તરીકે સોનાના દાગીના પ્લેજ કરીને (ગિરો) (સુવર્ણ ધિરાણ સુવિધા) શાખ સવલત મેળવી છે. દેણદારો/જામીનદારોને ડિમાન્ડ નોટિસો મોકલવામાં આવી હતી જેમાં દેણદારો/જામીનદારોને તેમની સુવર્ણ ધિરાણ સુવિધા તરીકે મેળવેલ બાકી નીકળતી રકમ ચૂકવી જવા માટે જણાવેલ. દેણદારો/જામીનદારો ધિરાણની આ બાકી રકમની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી બેંક નાછૂટકે ગિરો રાખેલ ચીજો માટે વિનંતી કરવી પડેલ છે અને ગિરો રાખેલ સોનાના દાગીનાનું લિલામથી વેચાણ -ખાસ તો અહીં મિલકતની સૂચીમાં વર્ણન કરેલી- તા.૨૫મી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ બપોરે ૧૨.૩૦ થી બપોરે ૦૩.૩૦ દરમિયાન "જેમ છે, જ્યાં છે", "જે છે તે છે", "જે કાંઈ છે તે છે" અને "કોઈના આશ્રય વિના" કરવા માટે પ્રસ્તાવ મૂકેલ છે.

**દેણદારો અને બાકી રકમની વિગત :**

| ગ્રાહકનું નામ | ધિરાણ ખાતા નંબર | બાકી રકમ(+) | રિકોલ નોટિસની તારીખ | ગ્રોસ વજન | નેટ વજન |
|---|---|---|---|---|---|
| **શાખાનું નામઃ અમદાવાદ (ગુજ)** | | | | | |
| બોરડ રાહુલભાઈ રાવજીભાઈ | XXXXXXXXXXX૮૬૨૯ | ૩૯૬૨૫૯ | ૨૦-સપ્ટેમ્બર-૨૩ | ૧૦૭.૯૦૦ | ૧૦૪.૮૦૦ |
| મોદી મીત | XXXXXXXXXXX૩૧૨૬ | ૩૭૪૭૭ | ૦૫-સપ્ટેમ્બર-૨૩ | ૧૦.૧૦૦ | ૯.૯૦૦ |
| **શાખાનું નામઃ બાલાસિનોર મહી(ગુજ)** | | | | | |
| પરમાર મધુબેન | XXXXXXXXXXX૧૩૯૪ | ૧૦૦૬૯૬ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૨૭.૯૦૦ | ૨૭.૯૦૦ |
| **શાખાનું નામઃ ડીસા(ગુજ)** | | | | | |
| પરેશભાઈ પોપટજી ગજ્જર | XXXXXXXXXXX૭૧૨૫ | ૫૫૧૬૦ | ૩૦-મે-૨૩ | ૨૩.૬૦૦ | ૧૯.૯૦૦ |
| રબારી હિતેશભાઈ | XXXXXXXXXXX૯૧૦૪ | ૫૮૨૭૩ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૧૭.૨૦૦ | ૧૬.૨૦૦ |
| **શાખાનું નામઃધંધુકા અમદા(ગુજ)** | | | | | |
| સાકરિયા કાલુભાઈ વાલજીભાઈ | XXXXXXXXXXX૮૩૨૬ | ૧૦૦૬૨૮ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૨૭.૧૦૦ | ૨૬.૦૦૦ |
| ઝાલા ઋતુરાજસિંહ મહેન્દ્રસિંહ | XXXXXXXXXXX૫૫૯૨ | ૫૮૧૬૦ | ૩૦-મે-૨૩ | ૨૨.૯૮૦ | ૨૨.૪૦૦ |
| **શાખાનું નામઃ હારિજ (ગુજ)** | | | | | |
| દેસાઈ બાબુભાઈ નાથાલાલ | XXXXXXXXXXX૭૧૫૨ | ૩૭૮૧૭ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૧૨.૩૦૦ | ૧૨.૩૦૦ |
| **શાખાનું નામઃ ઈડર(ગુજ)** | | | | | |
| જયંતિભાઈ શંકરભાઈ પટેલ | XXXXXXXXXXX૮૦૯૫ | ૧૫૭૯૬૬ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૪૭.૨૦૦ | ૪૫.૭૦૦ |
| વિનયબેન રમેશભાઈ પંચાલ | XXXXXXXXXXX૫૪૩૧ | ૭૮૦૯૯ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૨૩.૬૦૦ | ૨૩.૨૦૦ |
| વિનયબેન રમેશભાઈ પંચાલ | XXXXXXXXXXX૩૬૦૪ | ૬૮૧૯૬ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૧૮.૯૦૦ | ૧૮.૬૦૦ |
| સોનલબેન મોતીજી ઠાકોર | XXXXXXXXXXX૩૨૨૫ | ૫૫૪૭૯ | ૨૭-જૂન-૨૩ | ૧૫.૬૦૦ | ૧૫.૫૦૦ |
| **શાખાનું નામઃ કલોલ અમદાવાદ (ગુજ)** | | | | | |
| વનરાજસિંહ રાઠોડ | XXXXXXXXXXX૬૯૫૯ | ૭૩૦૯૪ | ૦૫-સપ્ટેમ્બર-૨૩ | ૨૩.૨૦૦ | ૧૩.૦૦૦ |
| **શાખાનું નામઃ મણિનગર અમદાવાદ(ગુજ)** | | | | | |
| નીતાબેન ભરવાડ | XXXXXXXXXXX૦૦૪૬ | ૩૫૨૩૦.૧ | ૩૦-મે-૨૩ | ૧૩.૨૦૦ | ૨૦.૬૦૦ |
| **શાખાનું નામઃ પાટણ(ગુજ)** | | | | | |
| મહંમદ રસૂલભાઈ અરુદયા | XXXXXXXXXXX૩૫૯૩ | ૨૮૨૯૩૫ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૮૦.૫૦૦ | ૭૭.૬૦૦ |
| **શાખાનું નામઃ શાહીબાગ અમદાવાદ(ગુજ)** | | | | | |
| સુનીતા નરેશ અંદાણી | XXXXXXXXXXX૧૯૨૭ | ૪૭૩૨૮૦ | ૨૭-જૂન-૨૩ | ૧૭૫.૩૦૦ | ૧૬૩.૭૦૦ |
| **શાખાનું નામઃ ઉમરેઠ આણંદ(ગુજ)** | | | | | |
| પરમાર પર્વતભાઈ શનાભાઈ | XXXXXXXXXXX૮૫૦૩ | ૩૨૯૮૭ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૧૦.૧૦૦ | ૧૦.૧૦૦ |
| **શાખાનું નામઃ વીસનગર(ગુજ)** | | | | | |
| ચાવડા મહેન્દ્રસિંહ | XXXXXXXXXXX૬૦૯૫ | ૧૧૦૩૦૨ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૨૯.૮૦૦ | ૨૯.૭૦૦ |
| રબારી ભાનુબેન વઘુભાઈ | XXXXXXXXXXX૨૭૭૯ | ૮૩૭૨૫ | ૨૫-ઓગસ્ટ-૨૩ | ૨૮.૫૦૦ | ૨૩.૫૦૦ |

એક્સિસ બેંક લિ.ને કોઈ આગળ નોટિસ આપ્યા વગર ખાતું દૂર કરવાની/ હરાજીની તારીખમાં ફેરફાર કરવાની સત્તા છે.હરાજી ઓનલાઇન https://gold.samil.in પરથી બપોરે ૧૨.૩૦ થી બપોરે ૦૩.૩૦ વચ્ચે યોજાશે.

વિગતવાર નિયમો અને શરતો માટે, મહેરબાની કરીને આપેલ વેબસાઇટ https://gold.samil.in પર જોવું.

**સ્થળઃ ગુજરાત** **અધિકૃત અધિકારી-એક્સિસ બેંક લિ.**


### આવકવેરા વિભાગે કોન્ટ્રક્ટરો પાસેથી ૪૨ કરોડ રિકવર કર્યા

# બેંગલુરૂના ઘરમાંથી બોક્સમાં રાખેલી ૫૦૦-૫૦૦ની નોટો મળી

બેંગલુરૂ, તા.૧૪

આવકવેરા વિભાગે કર્ણાટકમાં કેટલાક કોન્ટ્રાક્ટરો અને તેમની સાથે સંકળાયેલા લોકો પાસેથી ૪૨ કરોડ રૂપિયાથી વધુની રોકડ રિકવર કરી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં કાર્યવાહી ચાલી રહી છે. સ્થિતિ તો એવી થઈ કે કેટલી રોકડ છે તે જાણવા માટે નોટ ગણવાના મશીનો મંગાવવાની ફરજ પડી. આટલી મોટી માત્રામાં રોકડ જોઈને આઈટી વિભાગના અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે આ રોકડ કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં એક મકાનમાંથી મળી આવી હતી. આ મકાનમાં કોઈ રહેતું ન હતું. આ રોકડ એક બોક્સમાં રાખવામાં આવી હતી. ભાજપના નેતા અને પૂર્વ ઉપમુખ્યમંત્રી સીએન અશ્વત નારાયણે આ મામલે કોંગ્રેસ સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે આગામી વિધાનસભા ચૂંટણી માટે કોન્ટ્રાક્ટરો પાસેથી કમિશન તરીકે આ રકમ લીધી છે. આ ખૂબ જ નજીવી રકમ છે, જે આવકવેરા

**નોટ ગણવાના મશીનો મંગાવવાની ફરજ પડી, મોટી માત્રામાં રોકડ જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા**

વિભાગે પકડી છે. આ માત્ર એક નમૂનો છે. ભાજપના નેતા અને એમએલસી એન રવિ કુમારે દાવો કર્યો હતો કે આવકવેરા વિભાગ દ્વારા જે રોકડ પકડવામાં આવી છે તે કોન્ટ્રાક્ટરો પાસેથી વસૂલવામાં આવી હતી અને તે આશરે ૪૨ કરોડ રૂપિયા હોઈ શકે છે. રોકડમાં ફક્ત ૫૦૦-૫૦૦ની જ નોટો છે. આ રોકડ ૨૩ જેટલાં બોક્સમાં ભરી રાખી હતી. એવો દાવો કરાઈ રહ્યો છે કે આ રોકડ તેલંગાણા ચૂંટણી માટે એકત્રિત કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોન્ટ્રાક્ટરો પાસેથી રૂ. ૬૫૦ કરોડની બાકી ચૂકવણી માટે આ રોકડ કમિશન તરીકે લેવામાં આવી હતી. રવિ કુમારે આ મામલે તપાસની માંગ કરી હતી.

ભાજપના અન્ય ઘણા નેતાઓએ પણ કોંગ્રેસ પર આવા જ આરોપ લગાવ્યા છે. આ મામલાને લઈને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે આ આરોપો પાયાવિહોણા છે. કોઈએ કોઈની પાસે પૈસા માંગ્યા નથી. આરોપ લગાવનારા પાસે કયા પુરાવા છે? નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું કે આ મામલે રાજનીતિ કરવામાં આવી રહી છે. છત્તીસગઢ, તેલંગાણા અને અન્ય રાજ્યોમાં શું થઈ રહ્યું છે તે પણ આપણે જાણીએ છીએ. જયાં ભાજપ સત્તામાં હશે ત્યાં કશું થશે નહીં. જ્યાં ભાજપ સત્તામાં નથી ત્યાં આવી ઘટનાઓ બને છે.


**SHAH METACORP LIMITED (FORMERLY KNOWN AS GYSCOAL ALLOYS LIMITED)**

Regd. Office : Plot No. 2/3 GIDC, Ubkhal, Kukarwada, Taluka : Vijapur, Dist. : Mehsana- 382830,
Corp. off. : 2nd Floor, Mrudul Tower, B/h. Times of India, Ashram Road, Ahmedabad - 380 009.
Phone : 079-26574878 || Email : info@gyscoal.com || Website : www.gyscoal.com || CIN : L27209GJ1999PLC036656

**STATEMENT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED ON 30TH SEPTEMBER, 2023** (Rs. in Lacs, Except EPS)

| Sr. No | Particulars | Quarter Ended on | | | Half Year Ended on | | Year End |
|---|---|---|---|---|---|---|---|
| | | 30-09-2023 (Unaudited) | 30-06-2023 (Unaudited) | 30-09-2022 (Unaudited) | 30-09-2023 (Unaudited) | 30-09-2022 (Unaudited) | 31-03-2023 (Audited) |
| 1 | Total Income From Operation | 2,133.25 | 1,624.46 | 324.85 | 3,757.71 | 381.24 | 3,987.64 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax and exceptional items) | 76.39 | 128.02 | 78.83 | 204.41 | 116.40 | (28.77) |
| 3 | Net Profit /(Loss) for the period before Tax (after exceptional items) | 76.39 | 128.02 | 78.83 | 204.41 | 116.40 | (28.77) |
| 4 | Net Profit for the period after tax (after Exceptional items) | 75.94 | 125.28 | 98.14 | 201.22 | 185.32 | 171.68 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 75.94 | 125.28 | 98.14 | 201.22 | 188.20 | 192.83 |
| 6 | Paid up Equity Share Capital (Face Value of Rs.1/- each) | 3,627.90 | 3,323.78 | 1,582.76 | 3,627.90 | 1,582.76 | 3,323.78 |
| 7 | Earning per Share - Not Annualised (in Rs.) | | | | | | |
| | 1) Basic | 0.02 | 0.04 | 0.06 | 0.06 | 0.12 | 0.06 |
| | 2) Diluted | 0.02 | 0.04 | 0.06 | 0.06 | 0.12 | 0.06 |

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR QUARTER AND NINE MONTHS ENDED ON 30TH SEPT. 2023**

| Sr. No | Particulars | Quarter Ended on | | | Half Year Ended on | | Year End |
|---|---|---|---|---|---|---|---|
| | | 30-09-2023 (Unaudited) | 30-06-2023 (Unaudited) | 30-09-2022 (Unaudited) | 30-09-2023 (Unaudited) | 30-09-2022 (Unaudited) | 31-03-2023 (Audited) |
| 1 | Total Income From Operations | 2,133.25 | 1,624.46 | 324.85 | 3,757.71 | 381.24 | 3,987.64 |
| 2 | Net Profit / (Loss) before tax | 76.39 | 128.02 | 78.83 | 204.41 | 116.40 | (28.77) |
| 3 | Net Profit / (Loss) after tax | 75.94 | 125.28 | 98.14 | 201.22 | 185.32 | 165.37 |
| 4 | Total Comprehensive Income | 75.94 | 125.28 | 98.14 | 201.22 | 188.20 | 186.52 |

Notes : (1) Net Profit for the above financial results have been reviewed and considered by the Audit Committee and subsequantly approved by the Board of Directors at their respective meetings held on October 13, 2023. (2) The above is an extract of detailed format of Standalone and Consolidated financial results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing Obligation and Disclosures Requirement) Regulation, 2015. The detailed Standalone and Consolidated fonancial results were reviewd by the Audit Committee and subsequantly approved by the Board of Directors at their respective meetings held on October 13, 2023. The full format of Standalone and Consolidated finacial results are available on the Company's website www.gyscoalalloys.com and on the website of the BSE Limited at www.bseindia.com and National Stock Exchange of India Limited at www.nseindia.com (3) The consolidated financial results include the financial result of the associate company viz. Goldman Hotels & Resorts Private Limited. (4) The figures for the corresponding previous period have been regrouped / reclassified wherever necessary, to make them comparable. (5) The company had entered into a One Time Settlement ("OTS") with M/s Omkara Asset Reconstruction Private Limited ("Omkara ARC") vide letter dated 20.05.2022 for the settlement of dues of UCO Bank. As per the terms of the OTS, the entire dues of Rs. 1,775 Lakhs were to be paid by 25.09.2022 in settlement of principal amount of Rs. 3,049.89 Lakhs and interest thereon of Rs. 1,622.31 Lakhs due to UCO Bank. The company had raised money by way of right issue to clear the dues of Omkara ARC, but the funds so raised, are realised in an Escrow account as per the guidelines of SEBI and cannot be utilised till further clearance from SEBI. As per the terms agreed with Omkara ARC the dues were to be paid by 25.09.2022, the company through various letters informed the Omkara ARC about the delay in payment due to funds stuck in escrow account, but no further correspondence has been received from Omkara ARC. As per the terms agreed, in case of default the company is liable to pay interest at the rate of 24% p.a. compounded monthly and a penal interest at the rate of 2%. But no provision of interest has been made in the books to this effect. (6) the respective Investor complaints received and resolved during the quarter and the Complaints left unattended as on 30th Sept. 2023 is Nil. (7) The company has written off sundry creditors amounting to Rs. 297.40 lakhs pertaining to the period between F.Y. 2013-14 and F.Y. 2019-20 during the quarter ended on September 30, 2023, related to services provided to the company. It is very old outstanding and as per management decision, the company has written off sundry creditors. (8) The company has issued and allotted 2,02,00,000 Equity Shares and 6,65,00,000 Equity Shares of face value of Rs. 1/- to Promoters & Non-Promoters respectively, on preferential basis at an issue price of Rs. 3.24/- each (including premium of Rs. 2.24/- per Equity Share). 9) The company has issued and allotted 2,28,00,000 share warrants convertible into Equity Shares within a period of 18 months from the date allotment of warrants, carrying value of Rs. 1/- to Promoters, on preferential basis at an issue price of Rs. 3.24/- each (including premium of Rs. 2.24/- per Equity Share).

Place : Ahmedabad
Date : 13/10/2023

For and on behalf of Shah Metacorp Limited (formerly known as Gyscoal Alloys Limited)
sd/- **Mona Shah**, Chairperson and Director